Price ₹ 5/-

વર્ષ-૧૩, અંક-૧૪૭, ૧૫ માર્ચ, ૨૦૨૨

# મારું હૃદય



## કાર્ડિયોલોજીસ્ટ

| | | | |
|---|---|---|---|
| ડૉ. વિપુલ કપૂર | +૯૧-૯૮૨૪૦ ૯૯૮૪૮ | ડૉ. ઉર્મિલ શાહ | +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯ |
| ડૉ. તેજસ વી. પટેલ | +૯૧-૮૯૪૦૩ ૦૫૧૩૦ | ડૉ. હેમાંગ બક્ષી | +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧ |
| ડૉ. હિરેન કેવડીયા | +૯૧-૯૮૨૫૪ ૬૫૨૦૫ | ડૉ. અનિશ ચંદ્રારાણા | +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨ |
| ડૉ. ગુણવંત પટેલ | +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬ | ડૉ. અજય નાઇક | +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |
| ડૉ. કેયૂર પરીખ | +૯૧-૯૮૨૫૦ ૨૬૯૯૯ | ડૉ. સત્ય ગુપ્તા | +૯૧-૯૯૨૫૦ ૪૫૭૮૦ |
| ડૉ. મિલન ચગ | +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ | | |

## પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ

| | | | |
|---|---|---|---|
| ડૉ. કશ્યપ શેઠ | +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮ | ડૉ. મિલન ચગ | +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ |
| ડૉ. દિવ્યેશ સાદડીવાળા | +૯૧-૮૨૩૮૩ ૩૯૯૮૦ | | |

## કાર્ડિયાક સર્જન

| | |
|---|---|
| ડૉ. ધીરેન શાહ | +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩ |
| ડૉ. ધવલ નાયક | +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩ |
| ડૉ. અમિત ચંદન | +૯૧-૯૬૯૯૦ ૮૪૦૯૭ |
| ડૉ. કિશોર ગુપ્તા | +૯૧-૯૯૧૪૨ ૮૧૦૦૮ |
| ડૉ. નિકુંજ વ્યાસ | +૯૧-૭૩૫૩૧ ૬૫૯૫૫ |

## પીડિયાટ્રીક અને સ્ટ્રક્ચરલ હાર્ટ સર્જન

| | |
|---|---|
| ડૉ. શૌનક શાહ | +૯૧-૯૮૨૫૦ ૪૪૫૦૨ |

## કાર્ડિયોવાસ્ક્યુલર, થોરાસીક અને થોરાકોસ્કોપીક સર્જન

| | |
|---|---|
| ડૉ. પ્રણવ મોદી | +૯૧-૯૯૨૪૦ ૮૪૭૦૦ |

## કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ

| | |
|---|---|
| ડૉ. નિરેન ભાવસાર | +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭ |
| ડૉ. હિરેન ધોળકિયા | +૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮ |
| ડૉ. ચિંતન શેઠ | +૯૧-૯૧૭૩૨ ૦૪૪૫૪ |

## કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝિયોલોજીસ્ટ

| | |
|---|---|
| ડૉ. અજય નાઇક | +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |
| ડૉ. હિરેન કેવડીયા | +૯૧-૯૮૨૫૪ ૬૫૨૦૫ |

## નીઓનેટોલોજીસ્ટ અને પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ

| | |
|---|---|
| ડૉ. અમિત ચિતલીયા | +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦ |

JCI NABH NABH ER ACC International Centers Of Excellence

CIMS®
MARENGO ASIA NETWORK HOSPITAL



# હ્રદય રોગની સારવારમાં ઉપયોગી હાઈબ્રીડ પ્રક્રિયા

**હાઈબ્રીડ પ્રક્રિયા શું છે?**

પૌરાણિક સમયથી જ સંકર એટલે કે હાઈબ્રીડ હંમેશા ઉત્સુકતા અને કૌતુકનો વિષય રહ્યો છે. વિવિધ પ્રાણીઓના શરીરના અલગ અલગ હિસ્સાને જોડીને તૈયાર થયેલ એક કાલ્પનિક પ્રાણી એટલે હાઈબ્રીડ. નીચેનું ચિત્ર આ વ્યાખ્યાને ચરિતાર્થ કરે છે. અહીં દર્શાવેલ પ્રાણી એસિરીયન શાડુ તરીકે ઓળખાય છે. જે બળદનું શરીર, પાંખો અને માનવનું શીર્ષ ધરાવે છે. આ તમામ ભાગો સાથે મળીને જે પ્રાણી તૈયાર થયું તે વિશિષ્ટ શક્તિ ધરાવતું હતું.



જો આજ વ્યાખ્યા આપણે હ્રદય રોગની સારવારમાં ઉપયોગમાં લઈએ તો આપણને મળે છે હાઈબ્રીડ કાર્ડિયાક પ્રક્રિયા જે ઓપન હાર્ટ સર્જરી ટેકનિક અને કોરોનરી એન્જીયોપ્લાસ્ટી અને સ્ટેન્ટ જેવી કેથેટર આધારીત ઈન્ટરવેશનનું સંયોજન છે જેનાથી દર્દીઓ માટે લેસ ઈન્વેસીવ ઓપરેશન શક્ય બને છે.

**સ્ટેન્ટ અને બલૂન એન્જીયોપ્લાસ્ટી**

તમે આ ટેકનોલોજી વિશે વધુ ઝડપથી સમજો તે માટે અહીં હું થોડી વિગતો ઉમેરવા ઈચ્છું છું. ઓક્સિજનયુક્ત રક્ત હ્રદયના સ્નાયુ સુધી લઈ જતી ધમનીઓમાં ગંભીર અવરોધ (સ્ટેનોસીસ) થવાથી કોરોનરી આર્ટરી ડિસીઝ થાય છે. માનવીય હ્રદયમાં ત્રણ મુખ્ય ધમનીઓ હોય છે: રાઈટ કોરોનરી આર્ટરી (આરસીએ) અને લેફ્ટ કોરોનરી આર્ટરી (એલસીએ) જે લેફ્ટ એન્ટિરીયર ડિસેન્ડિંગ (એલએડી અને સર્કમફ્લેક્સ આર્ટરી (સીએક્સ)માં પ્રવેશવાની સાથે જ વિભાજીત થાય છે. આ ધમનીઓમાં બ્લોકેજ અંગે તબીબી રિપોર્ટ અંગે વધુ સમજૂતી માટે નીચેનું હ્રદયનું ચિત્ર જુઓ:




જ્યારે રિપોર્ટમાં આવે કે તમને 'ટ્રીપલ વેસલ ડિસીઝ' છે, તેનો અર્થ એ થાય છે કે ત્રણેય મુખ્ય રક્તવાહિનીઓ (એલએડી, સીએક્સ અને આરસીએ) અથવા તો તેમની શાખાઓમાં વધુ કે ઓછા ગંભીર બ્લોકેજીસ છે. જો તેમાં આવે કે "લેફ્ટ મેઈન ડિસીઝ" છે તો તેનો અર્થ થાય છે કે એલસીએ એ એલએડી અને સીએક્સમાં વિભાજીત થાય તે પહેલાં તેમાં બ્લોકેજ છે. આ એક ગંભીર સમસ્યા છે જે ઘણીવાર "વિડો મેકર" ના હુલામણા નામથી પણ



CIMS®
MARENGO ASIA NETWORK HOSPITAL

ઓળખાય છે, તેને હૃદયના નિષ્ણાતની તાત્કાલિક સારવારની જરુર હોય છે. તેને જો પ્લમ્બીંગના સંદર્ભમાં વિચારીએ તો, જેટલો અપસ્ટ્રીમ બ્લોકેજ હોય તેટલું જ હૃદયના સ્નાયુઓને જોખમ વધારે હોય છે. પ્લમ્બીંગની ભાષામાં કહીએ તો જો તમે તમારા બેઝમેન્ટમાં પાણીનો પ્રવાહ બંધ કરી દો તો તમારા ઘરમાં બીજે ક્યાંય પાણી નહીં આવે. સીંગલ, ડબલ, ટ્રીપલ વેસલ ડિસીઝ તેમ જ લેફ્ટ મેઈન ડિસીઝ ધરાવતા ઘણાં દર્દીઓને જીવન બચાવવા માટે કોરોનરી બાયપાસ સર્જરીની જરૂર પડે છે અને તેઓ આ રોગ માટે મિનીમલી ઈન્વેસિવ હાઈબ્રીડ થેરાપી માટે આદર્શ ઉમેદવારો પુરવાર થઈ શકે છે.

પહેલા અવરોધાયેલી કોરોનરી ધમનીમાં રક્તનો પ્રવાહ ફરી શરૂ કરવા માટે બાયપાસ સર્જરી એ જ એકમાત્ર રસ્તો હતો. ત્યારબાદ એન્જિયોપ્લાસ્ટીની તકનીકની શોધ થઈ અને કોરોનરી ધમનીના રોગોના ઉપચારમાં તેનો ઉપયોગ થયો. એક પાતળા કેથેટરને તેની ટોચ પર ફુલાવી શકાય તેવા બલૂન સાથે બ્લોક થયેલ ભાગમાં અંદર નાખવામાં આવે છે અને બલૂનને ફૂલાવીને બ્લોક થયેલો ભાગ ખેંચીને ખોલી દેવામાં આવે છે. તે એક સારો વિકલ્પ હતો, પરંતુ તેમાં એક નોંધપાત્ર સમસ્યા પણ હતી. એન્જિયોપ્લાસ્ટી પછી ઘણીવાર ખેંચાયેલા અવરોધ ફરી સંકુચિત થઈ જતા (જે રીસ્ટેનોસિસ તરીકે ઓળખાય છે) અને દર્દીઓ ફરીથી તેવા જ કે તેથી પણ વધુ છાતીના દુખાવા અથવા હૃદય રોગના હુમલા જેવી સમસ્યાઓ સાથે પાછા ફરતા. રીસ્ટેનોસિસ રોકવા માટે કંઈક કરવાની જરૂર હતી. અમારા ક્ષેત્રમાં શોધકર્તાઓનું મગજ 'મિકેનિકલ' હોય છે. અને તેના નવા વિકલ્પ તરીકે એક વિસ્તૃત થઈ શકે તેવા વાયર મેશ ટ્યૂબની ડિઝાઈન કરવામાં આવી કે જેને બ્લોકેજવાળા ભાગમાં એક માળખા તરીકે કાર્ય કરે અને તેને ખુલ્લો રાખીને જ રીસ્ટેનોસિસ થતું રોકે.




હવે જ્યારે તમે આ પ્રકારના કોરોનરી ઈન્ટરવેન્શન વિશે થોડું વધુ જાણો છો તો, હું તમને એ જણાવીશ કે બંને પ્રકારના સર્વોત્તમ પરિણામો પ્રાપ્ત કરવા માટે કેવી રીતે અનેક અલગ અલગ પરિસ્થિતિઓમાં મિનિમલી ઈન્વેઝીવ હાર્ટ સર્જરીની પદ્ધતિઓ અને સ્ટેન્ટનું સંયોજન સાધી શકાય. આ મિનિમલી ઈન્વેઝીવ પ્રક્રિયાઓના આયોજિત સંયોજન થકી ઓછી અસરયુક્ત, મિનીમલી ઈન્વેઝીવ પદ્ધતિ દ્વારા ઝડપી રીકવરી, નાનકડા છેદ અને ઉત્કૃષ્ટ કોસ્મેટિક પરિણામો સાથે અનેક હૃદયની સમસ્યાઓનો સંપૂર્ણ ઈલાજ મળે છે. મારી ક્લિનિકલ પ્રેકટીસમાંથી કેટલાક ક્લિનિકલ કિસ્સાઓ તમારી સાથે હું વહેંચવા ઈચ્છું છું જેનાથી તમને ખ્યાલ આવશે કે કેવી રીતે મિનિમલી ઈન્વેઝીવ હાઈબ્રીડ પ્રક્રિયાથી અદભૂત પરિણામ મળી શકે છે.

આ અભિગમ માટેનું તારણ એ છે કે આંતરિક મેમરી ધમની જેને મિનિમલી ઈન્વેઝીવ ઝબે મૂકી શકાય છે તે હૃદયની એન્ટિરીયલ દિવાલો માટે શ્રેષ્ઠ પસંદગી છે. આ બાયપાસ ગ્રાફ્ટની સુરક્ષા હેઠળ, અન્ય રક્તવાહિનીઓને સ્ટેન્ટેડ કરી શકાય છે. જ્યારે બાયપાસ સર્જરી પૂરી



થઈ જાય એટલે બાયપાસ જરૂરી ન હોય તેવી અતિશય બ્લોક ન થયેલ ધમનીઓમાં રક્ત પ્રવાહને પુનઃસામાન્ય કરવા માટે કાર્ડિયોલોજીસ્ટ એન્જીયોપ્લાસ્ટી હાથ ધરે છે. બ્લોકેજ ફરીથી થવાની સંભાવના ઘટાડવા માટે, કોટેડ સ્ટેન્ટનો ઉપયોગ કરવામાં આવે છે. આ સ્ટેન્ટ રીસ્ટેનોસિસ એટલે કે ધમનીઓમાં ફરીથી અવરોધ થતો રોકે તેવી દવાઓથી આવરીત હોય છે.

અવધિ વધારતી મિનિમલ ઈન્વેઝીવ સર્જીકલ પ્રક્રિયાનો ઉપયોગ કરીને અને સ્ટેન્ટની સર્વોત્તમ ક્ષમતાનો ઉપયોગ કરીને એટલે કે, નોન-લેફ્ટ એન્ટિરીયલ ડિસેન્ડિંગ (એલએડી) રક્તવાહિનીઓની સંભાળ લઈને હાઈબ્રીડ પ્રક્રિયા બાયપાસ સર્જરી અને સ્ટેન્ટિંગનો સુભગ સમન્વય સાધે છે.

સીમ્સ હોસ્પિટલ ખાતેની ટીમ અદ્યતન હાઈબ્રીડ પ્રક્રિયા પર કાર્ય કરી રહી છે અને જેમાં કોરોનરી ધમની સિસ્ટમના એકથી વધુ બ્લોકેજની એન્ડોસ્કોપી સર્જરી અને કેથેટર આધારીત ઈન્ટરવેન્શનના સંયોજનથી સારવાર કરવામાં આવે છે.

**જુઓ પાન નં. ૬**

**24 કલાક ઈમરજન્સી**
**ન્યૂરો સેવાઓ**

**CIMS®**
MARENGO ASIA NETWORK HOSPITAL

## સિમ્સ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ, અમદાવાદ

## પશ્ચિમ ભારતની સૌથી અનુભવી ન્યૂરો અને સ્પાઈન સર્જન ટીમનું

## સ્વાગત કરે છે



| **ડૉ જયુન એમ શાહ** | **ડૉ સંદિપ એસ શાહ** | **ડૉ વાય સી શાહ** | **ડૉ પરિમલ ત્રિપાઠી** |
|---|---|---|---|
| MS, MCh (Neuro) | MS, MCh (Neuro), FINR Switzerland | MS, MCh (Neuro) | MCh, FRCS (UK) Neuro |
| **77689 83539** | **98790 02557** | **98240 37137** | **98250 73030** |

### સર્જિકલ વિશેષજ્ઞતા

- હાઈડ્રોસેફાલસ (મગજના પડદામાં પાણી ભરાઈ જવું)
- મગજ અને કરોડરજ્જુમાં ઈજા (ટ્રોમા)
- મગજ અને કરોડરજ્જુની ગાંઠો (ટ્યુમર)
- પિટ્યુટરી - સ્કલ આધારિત સર્જરી
- એન્યુરિઝમ, AVM - વાસ્ક્યુલર સર્જરી
- એન્ડોસ્કોપિક મગજ અને કરોડરજ્જુની સર્જરી
- એપિલેપ્સી અને સ્ટ્રોક સર્જરી
- સ્ટીરિયોટેક્ટિક સર્જરી
- MVD / RFTC ટ્રાઈજેમિનલ ન્યૂરલજીયા
- MISS - ડિસ્ક રિપ્લેસમેન્ટ

**સિમ્સ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ**
ઓફ. સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ - 380060

**અપોઈન્ટમેન્ટ માટે**
**1800 3099 999**
સમય: 9:00 AM - 7:00 PM (સોમ થી શનિ)



**CIMS®**
MARENGO ASIA NETWORK HOSPITAL

# સિમ્સ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ, અમદાવાદ



## શું તમે

**હાર્ટ ફેઈલ્યર (નબળા હૃદય) થી પીડિત છો ?**

### હાર્ટ ફેઈલ્યરના લક્ષણો

- નિયમિત પ્રવૃતિઓ દરમિયાન થાક
- ઊંઘ દરમિયાન શ્વાસની તકલીફ
- પગની ઘૂંટીઓમાં સોજો
- અનિયમિત હૃદયના ધબકારા
- અચાનક વજન વધવું

**સિમ્સ કાર્ડિયાક સાયન્સીસ**

સેન્ટર ઓફ એક્સેલન્સ








**મિનિમલી ઈન્વેઝીવ સીએબીજી**

સાઈમલ્ટેનસ (સતત) હાઈબ્રીડ પ્રક્રિયાના અન્ય શું ફાયદા છે?

- આ અભિગમ દર્દીઓને લાભદાયી છે કારણકે અલગ અલગ દિવસે કરાવવું તેના કરતા બાયપાસ સર્જરી અને સ્ટેન્ટિંગ પ્રક્રિયા એક જ સમયે કરાવવું વધુ સરળ અને ઓછું તણાવયુક્ત છે.
- આ સમગ્ર પ્રક્રિયા કાર્ડિયાક સર્જરી ઓપરેટીંગ રૂમની સંપૂર્ણ સુરક્ષા હેઠળ કરવામાં આવે છે.
- દર્દીઓ માટે અન્ય ફાયદો એ છે કે આ પ્રકારની બાયપાસ સર્જરીમાં મોટા છેદ વગર થઇ શકે છે. લાંબા ગાળાની સફળતાની વધુ સારી તકો સાથે તે ઓછી ઈન્વેઝીવ પ્રક્રિયા છે.
- દર્દીઓ વધુ ઝડપથી રીકવરી અને હોસ્પિટલમાં ઓછા રોકાણની આશા રાખી શકે છે.

હાઈબ્રીડ પ્રક્રિયા કોણ કરાવી શકે છે? હૃદયને ૬૦ % રક્ત પૂરૂ પાડતી લેફ્ટ એન્ટિરીયલ ડિસેન્ડિંગ (એલએડી) ધમની નામક મોટી રક્તવાહીનીમાં અવરોધ આવતા તેમજ નોન-એલએડી ધમનીઓમાં અવરોધ ધરાવતા લોકો જેમને સ્ટેન્ટની સારવાર જરૂરી છે તેઓ હાઈબ્રીડ પ્રક્રિયા કરાવી શકે છે.

**ક્લિનિકલ કેસો અને ઉદાહરણો**

૧. ૪૫ વર્ષની એક વ્યક્તિ ડબલ વેસલ ડિસીઝથી પિડીત હતા. તેમની એક એલએડી ધમની ૧૦૦ ટકા અવરોધાયેલી હતી જ્યારે જમણી બાજુની ધમની ૯૦ ટકા બ્લોક હતી. તેમના માટે એન્જીયોપ્લાસ્ટીનો વિકલ્પ શક્ય ન હતો અને ૧૦-૧૨ ઈંચના કાપાવાળી હાડકાને કાપીને કરાતી પરંપરાગત બાયપાસ સર્જરી માટે તેઓ તૈયાર ન હતા. આથી તેમને હાઈબ્રીડ સીએબીજીનો વિકલ્પ આપવામાં આવ્યો. છાતીની બાજુમાંથી એક નાનકડો કાપ મૂકીને છાતીની દિવાલમાંથી ધમની લઈને એલએડી આર્ટરી બાયપાસ કરવામાં આવે છે. ત્રીજા દિવસે જમણી ધમનીમાં એન્જીયોપ્લાસ્ટી કરવામાં આવી. ઓપરેશન પછીના પાંચમાં દિવસે દર્દીને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યો અને ૨૦ દિવસની અંદર તો તે રાબેતા મુજબની જીવનશૈલીમાં જોડાઈ ગયા.

૨. રૂમેટોઈડ આર્થરાઈટીસ અને હાડકાની ગંભીર વિકૃતિ ધરાવતા ૬૫ વર્ષીય વૃદ્ધ દર્દી થ્રી વેસલ ડિસીઝ ધરાવતા હતા. પરંપરાગત સીએબીજી તેમના માટે અતિજોખમી હતી. આથી તેમને હાઈબ્રીડ સીએબીજીનો વિકલ્પ આપવામાં આવ્યો હતો. આ દર્દી પર એલએડી ધમનીની એમઆઈસીએસ સીએબીજી અને અન્ય બે રક્તવાહીનીઓ માટે એન્જીયોપ્લાસ્ટી કરવામાં આવી. ઓપરેશનના છઠ્ઠા જ દિવસે તેઓ ઘરે જઈ શક્યા અને ફક્ત ૧ મહિનામાં જ તે રોજિંદી જીવનશૈલી પર પાછા ફરી શક્યા.

ગંભીર કાર્ડિયાક સારવારની જરૂર ધરાવતા દર્દીઓ માટે આનો શું અર્થ છે તે જાણવા માટે હાઈબ્રીડ ઓપરેટિંગ રૂમમાં હાથ ધરવામાં આવતી કેટલીક રાબેતા મુજબની પ્રક્રિયાઓ પર એક નજર નાખીએ.

સ્ટેન્ટ વાલ્વ - એક વ્યક્તિ છાતીમાં દુખાવની ફરિયાદ સાથે હોસ્પિટલમાં પહોંચે છે. ડોક્ટરોને તપાસ બાદ માલૂમ થાય છે કે તેમની બે જમણી કોરોનરી ધમની અંશતઃ બ્લોક થઈ ગઈ છે અને એરોટીક વાલ્વ (એરોટીક વાલ્વ સ્ટેનોસીસ) સંકોચાઈ ગયો છે. હાઈબ્રીડ ઓપરેટિંગ રૂમમાં, કાર્ડિયોલોજીસ્ટ અવરોધાયેલ ધમનીમાં રક્ત પ્રવાહનું પુનઃ ચાલુ કરવા માટે સ્ટેન્ટ દાખલ કરે છે. ત્યારબાદ તુરંત જ, કાર્ડિયાક સર્જન ક્ષતિગ્રસ્ત વાલ્વ બદલે છે.

કોમ્બિનેશન રીવાસ્ક્યુલરાઈઝેશન - એક સ્ત્રી કોરોનરી ધમનીમાં અંશતઃ અને બીજીમાં સંપૂર્ણ બ્લોકેજ ધરાવે છે. આ કિસ્સામાં હૃદયના સ્નાયુ સુધી રક્તનો પુરવઠો પુનઃપહોંચાડવા માટે કોમ્બિનેશન અભિગમ સૌથી સારી રીતે કામ કરી શકે છે. કાર્ડિયોલોજીસ્ટ એક કોરોનરી ધમનીને ખોલવા માટે તેમાં સ્ટેન્ટ દાખલ કરે છે અને ત્યારબાદ, શસ્ત્રક્રિયા નિષ્ણાત અન્ય બ્લોકેજની આસપાસ રક્ત પ્રવાહ શરુ કરવા માટે બાયપાસ રક્તવાહિનીની પ્રક્રિયા કરે છે.

મિનિમલી ઈન્વેઝીવ પ્રક્રિયાઓ - ઘણાં લોકો હૃદયની સમસ્યા ધરાવે છે જેના માટે પહેલાં પરંપરાગત સર્જરી વિકલ્પ હતો પરંતુ

હવે મિનિમલી ઈન્વેઝીવ ટેકનીકથી તેની સારવાર થઈ શકે છે. જેનું એક ઉદાહરણ છે એરોટીક વાલ્વ રીપ્લેસમેન્ટ, જે હવે ઓછી ઈન્વેઝીવ સર્જરીથી અથવા એન્જીયોપ્લાસ્ટી જેવી શસ્ત્રક્રિયામુક્ત પદ્ધતિથી કરવામાં આવે છે. (આ એક પ્રયોગાત્મક અભિગમ છે, જેનો ટ્રાન્સકેથેટર વાલ્વ રીપ્લેસમેન્ટ તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રક્રિયા હાલમાં મૂલ્યાંકન હેઠળ છે અને તે વ્યાપક રૂપે ઉપલબ્ધ નથી.) આ પ્રકારની મિનિમલી ઈન્વેઝીવ પ્રક્રિયાઓ માટે ઓન-સાઈટ, હાઈ-રીઝોલ્યુશન ડિજીટલ ઈમેજીંગ ઉપકરણોની જરૂર છે જે ફક્ત હાઈબ્રીડ ઓપરેટિંગ રૂમમાં જ ઉપલબ્ધ હોય છે.

બંને કિસ્સામાં અંતિમ પરિણામને બંનેનું સર્વશ્રેષ્ઠ તરીકે વર્ણવી શકાય છે. ટેકનિકસના સંયોજન થકી બંને દર્દીઓએ તેમના તમામ કોરોનરી બ્લોકેજ અને/અથવા વાલ્વના રોગ માટે સફળ સારવાર મેળવી જેનાથી તેમને ઝડપી અને કોઈ સમસ્યા રહિત રીકવરી તે પણ કોઈપણ રકત ટ્રાન્સફ્યુઝન વગર અને ઉત્કૃષ્ટ કોસ્મેટિક પરિણામો સાથે મળી. પુરાતનકાળની હાઈબ્રીડ એટલે સંકર પ્રજાતિઓની જેમ જ આ પ્રક્રિયાઓ અલગ શક્તિ છે જે સાથે મળીને વિશિષ્ટ શક્તિશાળી તત્વનું નિર્માણ કરે છે.

## સિમ્સ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ, અમદાવાદ



Why is a
**HEART CHECK-UP ESSENTIAL ?**

Regular screening helps you detect risk factors.
Early treatment can save your life.

**BE HEART SMART**

GET YOUR **HEART** CHECKED TODAY

**A COMPLETE HEART CARE DESTINATION**
**CIMS CARDIAC SCIENCES**
**CENTRE OF EXCELLENCE**

**25TH**
**KIDNEY TRANSPLANT**
07-03-2022



CIMS®
MARENGO ASIA NETWORK HOSPITAL

"Maru Hriday" Registered under RNI No. GUJGUJ/2009/28044
Published 15th of every month
Permitted to post at PSO, Ahmedabad-380002 on the 22nd to 27th of every month under
Postal Registration No. GAMC-1731/2022-2024 issued by SSP Ahmedabad valid upto 31st December, 2024
Licence to Post Without Prepayment No. PMG/NG/090/2022-2024 valid upto 31st December, 2024

**If undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,

Off Science City Road, Sola, Ahmedabad-380060.

Ph. : +91-79-4805 1111 / 2771 2771-72

Mobile : +91-98250 66664, 98250 66668

***'મારૂ હ્દય' નો અંક મેળવવા અંગે :*** *જો તમારે 'મારૂ હ્દય' નો અંક જોઇતો હોય તો તેની કિંમત ₹ ૬૦ (૧૨ અંક) છે. તેને મેળવવા માટે કેશ અથવા ચેક/ડીડી 'સીમ્સ હોસ્પિટલ પ્રા. લી.' ના નામનો તમારા નામ અને તમારા પુરતા એડ્રેસની વિગત સાથે અમારી ઓફિસ, "મારૂ હ્દય" ડિપાર્ટમેન્ટ, સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ પર મોકલી આપશો. ફોન નં. : +૯૧-૭૯-૪૮૦૫ ૨૮૨૩*


# સિમ્સ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ, અમદાવાદ

**22nd** **TAVI** January 2022

**Transcatheter Aortic Valve Implantation**


Balloon Expandable Valve


Self Expanding Supra-Annular Valve

A procedure to replace the diseased valve without surgery

**HIGHEST NUMBER IN GUJARAT**

**100% SUCCESSFUL HOSPITAL OUTCOMES**

**ONE OF THE BEST HEART TEAM OF INDIA**

## ગુજરાતનું પ્રથમ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ (હ્દય પ્રત્યારોપણ) સેન્ટર



**27TH HEART** TRANSPLANT MARCH 15, 2022


*તંત્રી, મુદ્રક અને પ્રકાશક ડૉ. અનિશ ચંદારાણાએ સીમ્સ હોસ્પિટલ વતી હરિઓમ પ્રિન્ટરી, ૧૫/૧, નાગોરી એસ્ટેટ, ઇ.એસ.આઇ. ડિસ્પેન્સરીની સામે, દૂધેશ્વર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪ ખાતેથી છાપ્યું અને સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.*



CIMS®
MARENGO ASIA NETWORK HOSPITAL